Vol. 9, Issue: 10, October: 2021
(IJRSML) ISSN: 2321 - 2853

# સ્પર્ધાત્મક પરીક્ષા અંગે બી. એડ્.ના પ્રશિક્ષણાર્થીઓના વલણનો અભ્યાસ

ડૉ. લત્તાકુમારી ડી.શર્મા
આસિસ્ટન્ટ પ્રોફેસર,
સુભાષ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન, જૂનાગઢ

**સારાંશ**

*આજનો યુગ હરિફાઈનો યુગ છે. આજે દરેક ક્ષેત્રમાં હરિફાઈ છે. સમાજમાં નોકરીની તકો કરતા નોકરી મેળવનાર વ્યક્તિઓની સંખ્યા વધુ છે. આથી દરેક ક્ષેત્રમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા વ્યક્તિની પસંદગી શક્ય બને છે. આથી આ તક પ્રાપ્ત કરવા માટે ઈરછુક દરેક વ્યક્તિએ પોતાને બીજા કરતા શ્રેષ્ઠ સાબિત કરવાની હોડમાં સામેલ થવું જરૂરી છે. જે તે ક્ષેત્રમાં પોતાની અભિયોગ્યતા સાબિત કરવી જરૂરી છે. બી. એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓએ પણ શિક્ષક બનવા માટે TAT અને TET સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવી ફરજિયાત છે.આથી આ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે પ્રશિક્ષણાર્થીઓના વલણ જાણવાનો આ એક નાનકડો પ્રયાસ છે. આ અભ્યાસમાં સ્પર્ધાત્મક પરીક્ષાના સંદર્ભમાં બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓના વલણનો અભ્યાસ કરવા માટે સ્વ-રચિત વલણ માપદંડ તૈયાર કરી જાતિ, રહેણાંક વિસ્તાર અને અભ્યાસ જેવા સ્વતંત્ર ચલો દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. માહિતીનું એકત્રીકરણ અને પૃથક્કરણ કરતા પ્રશિક્ષણાર્થીઓમાં હકારાત્મક વલણો જોવા મળ્યા હતા.તેથી સ્પર્ધાત્મક પરીક્ષા આવકાર્ય છે તે સાબિત થાય છે.*

**ચાવીરૂપ શબ્દો:** *પરીક્ષા, બી. એડ્. કોલેજ, પ્રશિક્ષણાર્થીઓ , વલણ*

## ૧. પ્રસ્તાવના

એકવીસમી સદીના પ્રારંભમાં માહિતી સંક્રમણ ક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ આવી છે. તેના લીધે શિક્ષણની માંગ વધી છે. તેથી શિક્ષણ દ્વારા ખુબ મોટા પાયા પર ક્ષમતાપૂર્વક જ્ઞાનનું પ્રસારણ કરવું અને વધતા જતા જ્ઞાન તથા જાણકારીને આત્મસાત કરવાની જરૂર ઉભી થઇ છે. વ્યક્તિ અને સમાજે ઉદભવતા જ્ઞાનના ક્ષેત્રોને પામવા માટે આજીવન પર્યંત શિક્ષાર્થી બની રહેવું જરૂરી છે તો જ એકવીસમી સદીમાં આપણા આવતીકાલના સ્વપ્ન સંકેત મુજબના અધ્યયનશીલ સમાજનું નિર્માણ કરવાનું શક્ય બની શકશે. પોતાના આ યજ્ઞકાર્યને સફળતાપૂર્વક પાર પાડવા માટે શિક્ષણે ડેલોર્સ કમિશને દર્શાવેલા શિક્ષણના મૂળભૂત ચાર આધારસ્તંભોની આસપાસ તેની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. માનવના જીવન ઉત્કર્ષને આ ચાર સ્તંભો મહત્વનું પ્રદાન કરી શકશે.

**(1) જાણવા માટેનું શિક્ષણ** **(2) સર્જન માટેનું શિક્ષણ**
**(3) સહજીવન માટેનું શિક્ષણ** **(4) અસ્તિત્વ માટેનું શિક્ષણ**

જ્ઞાનનાં આ ચારેય પાયા મળીને એક સંપૂર્ણ ઈમારત બને છે. આમ છતાં પરંપરાગત વ્યવસ્થામાં જાણવા માટેના શિક્ષણ પર વધુ ભાર મૂકવામાં આવે છે.જયારે સર્જન કે ક્રિયા પર ઓછો ભાર મૂકવામાં આવે છે. આથી ડેલોર્સ અહેવાલમાં ખાસ કહેવામાં આવ્યું છે કે એકવીસમી સદીના પડકારોને પહોંચી વળવા માટે શિક્ષણને એક વિશાળ પરિપ્રેક્ષમાં નિહાળવાનું રહેશે. શિક્ષણ દ્વારા વ્યક્તિ નિરંતર કંઈકને કંઈક શીખે, અધ્યયન કરે તે તેને માટે જરૂરી છે. તો જ તે પોતાનો સર્વાંગી વિકાસ કરી, બહેતર જીવન જીવવા માટે ક્ષમતા ધરાવી શકશે. આથી પહેલો સ્તંભ 'જાણવા માટેનું શિક્ષણ' વધુ ઉપયોગી છે. જાણવા માટેના શિક્ષણથી વ્યક્તિ સામાન્ય જ્ઞાન મેળવીને અન્ય વ્યક્તિઓ સાથે સારી રીતે

પ્રત્યાયન કરી શકશે અને વિવિધ પ્રકારની માહિતીની સરળતાથી આપલે કરી શકશે. વળી જ્ઞાનપ્રાપ્તિ માટે વિચારશક્તિ કેળવવી પડે. આવતીકાલના અધ્યયનશીલ સમાજની રચના માટે જાણવા માટેનું શિક્ષણ અનિવાર્ય છે. માનવે સતત જ્ઞાનની વિવિધ કુંજગલીઓમાં વિહાર કરવાની ક્ષમતા શિક્ષણ દ્વારા પ્રાપ્ત કરવી જરૂરી છે.

સંશોધક પોતે બી. ઍડ્. કોલેજના અધ્યાપક છે. અને બી. ઍડ્.ના પ્રશિક્ષણાર્થીઓ સાથેનાં વર્ષોના અનુભવ દ્વારા તેઓ એમ માને છે કે આજના પ્રશિક્ષણાર્થીઓ એ આવતીકાલના ભાવિ શિક્ષકો હોઈ, તેમની પાસે જ્ઞાનનું ભાથું હોવું જરૂરી છે. વળી, આજનો યુગ સ્પર્ધાત્મક યુગ છે. આજે દરેક ક્ષેત્રમાં નોકરી મેળવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષા આપવી ફરજિયાત છે. હરિફાઈમાં ટકી રહેવું જરૂરી છે. ગુજરાતમાં શિક્ષક બનવા માટે TET (Teacher Eligibility Test) અને TAT (Teachet Aptitude Test) આપવી ફરજિયાત છે. તેથી પ્રશિક્ષણાર્થીઓ આવી સ્પર્ધાત્મક પરીક્ષા વિશે શું વિચારે છે, તેમના સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના વલણ કેવાં છે ? તે જાણવા માટે સંશોધકે આ અભ્યાસ હાથ ધર્યો છે.

### ૨.અભ્યાસના હેતુઓ

1. સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના વલણ માપદંડની રચના કરવી.
2. સ્પર્ધાત્મક પરીક્ષા અંગે જાતિના સંદર્ભમાં બી. ઍડ્.ના પ્રશિક્ષણાર્થીઓના વલણનો અભ્યાસ કરવો.
3. સ્પર્ધાત્મક પરીક્ષા અંગે વિસ્તારના સંદર્ભમાં બી. ઍડ્.ના પ્રશિક્ષણાર્થીઓના વલણનો અભ્યાસ કરવો.
4. સ્પર્ધાત્મક પરીક્ષા અંગે અભ્યાસના સંદર્ભમાં બી. ઍડ્.ના પ્રશિક્ષણાર્થીઓના વલણનો અભ્યાસ કરવો.

### ૩. અભ્યાસમાં સમાવિષ્ટ ચલો

| 1. | **સ્વતંત્ર ચલ** | **જાતિ** | **છોકરા** | **છોકરીઓ** |
|---|---|---|---|---|
| | | રહેણાંક વિસ્તાર | ગ્રામ્ય | શહેરી |
| | | અભ્યાસ | સ્નાતક | અનુસ્નાતક |
| 2. | પરતંત્ર ચલ | સ્પર્ધાત્મક પરીક્ષા અંગેનું વલણ | | |
| ૩ | અંકુશિત ચલ | મહેસાણા અને જૂનાગઢ જિલ્લો | | |

### ૪. ઉત્કલ્પના

1.જાતિના સંદર્ભમાં બી. ઍડ્.ના પ્રશિક્ષણાર્થીઓના સ્પર્ધાત્મક પરીક્ષા પ્રત્યેના વલણમાં સાર્થક તફાવત નહિ હોય.
2.વિસ્તારના સંદર્ભમાં બી. ઍડ્.ના પ્રશિક્ષણાર્થીઓના સ્પર્ધાત્મક પરીક્ષા પ્રત્યેના વલણમાં સાર્થક તફાવત નહિ હોય.
3.અભ્યાસના સંદર્ભમાં બી. ઍડ્.ના પ્રશિક્ષણાર્થીઓના સ્પર્ધાત્મક પરીક્ષા પ્રત્યેના વલણમાં સાર્થક તફાવત નહિ હોય.

### ૫. વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ મહેસાણા જિલ્લાની 25 અને જૂનાગઢ જિલ્લાની 20 ગુજરાતી માધ્યમની બી.ઍડ્. કોલેજ.

### ૬. નિદર્શ પસંદગી

- પ્રસ્તુત સંશોધનમાં યાદરિછક રીતે નમૂનો પસંદ કરેલ છે.
- પ્રસ્તુત સંશોધનમાં મહેસાણા અને જૂનાગઢ જિલ્લાની કુલ 4 બી. ઍડ્.કોલેજના ૧૯૦ પ્રશિક્ષણાર્થીઓની નિદર્શ તરીકે પસંદગી કરેલ છે.
- પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરેલ છે.

### ૭. ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સ્વરચિત વલણ માપદંડની રચના કરેલ છે. જેમાં કુલ 30 વિધાનો મૂકેલા છે. જેમાં 24 હકારાત્મક અને 6 નકારાત્મક વિધાનો છે. જેનું માપન કરવા પંચબિંદુ ક્રમમાપદંડમાં સંપૂર્ણ સંમત, સંમત, તટસ્થ, અસંમત, સંપૂર્ણ અસંમત જેવા પાંચ બિંદુઓ પસંદ કરેલ છે.

### ૮. માહિતીની પ્રાપ્તિ

પ્રસ્તુત સંશોધનમાં વલણ માપદંડ પંચબિંદુને આધારે બી. એડ્.ના પ્રશિક્ષણાર્થીઓએ જે પ્રતિચારો આપ્યા તેમને નીચે મુજબ ભારાંક આપી ગુણ પ્રાપ્ત કરેલ છે.

હકારાત્મક વિધાન :

સંપૂર્ણ સંમત , સંમત, તટસ્થ , અસંમત, સંપૂર્ણ અસંમત માટે અનુક્રમે 5, 4, 3, 2, 1 ગુણ

નકારાત્મક વિધાન :

સંપૂર્ણ સંમત , સંમત, તટસ્થ , અસંમત, સંપૂર્ણ અસંમત માટે અનુક્રમે 1, 2, 3, 4, 5 ગુણ

### ૯. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

જાતિ , વિસ્તાર અને અભ્યાસના સંદર્ભમાં સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના બી. એડ્.ના પ્રશિક્ષણાર્થીઓના વલણ જાણવા માટે t – મૂલ્ય મેળવી માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું. જેની રજૂઆત નીચે સારણીમાં
દર્શાવવામાં આવેલ છે.

| **ચલ** | **જૂથ** | **નમૂનો** | **સરાસરી** | **પ્રમાણ વિચલન** | **પ્રમાણ ભૂલ** | **t – મૂલ્ય** | **સાર્થકતાની કક્ષા** |
|---|---|---|---|---|---|---|---|
| જાતિ | છોકરાઓ | 47 | 124.65 | 14.5 | 2.38 | 0.26 | અસાર્થક |
| | છોકરીઓ | 143 | 124.03 | 13.9 | | | |
| વિસ્તાર | ગ્રામ્ય | 107 | 122.88 | 14.9 | 1.45 | 1.07 | અસાર્થક |
| | શહેરી | 83 | 124.42 | 11.9 | | | |
| અભ્યાસ | સ્નાતક | 103 | 124.43 | 13.6 | 1.96 | 0.45 | અસાર્થક |
| | અનુસ્નાતક | 87 | 123.55 | 13.4 | | | |

#### *૯.૧ સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના બી. એડ્. ના પ્રશિક્ષણાર્થીઓના વલણ પર જાતિની અસર*

બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓના સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના વલણો અંગે મેળવેલા પ્રાપ્તાંકોનું જાતિ આધારિત t – મૂલ્ય 0.26 છે. જે 0.05 કક્ષાએ સાર્થક નથી. આથી "જાતિના સંદર્ભમાં બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓના સ્પર્ધાત્મક પરીક્ષા પ્રત્યેના વલણમાં સાર્થક તફાવત નહિ હોય" એ શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. અહી છોકરાઓ અને છોકરીઓની સરાસરી સમાન છે. આથી છોકરાઓ અને છોકરીઓ સ્પર્ધાત્મક પરીક્ષા અંગે સમાન વલણ ધરાવે છે એમ કહી શકાય.

#### *૯.૨ સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના બી. એડ્.ના પ્રશિક્ષણાર્થીઓના વલણ પર વિસ્તારની અસર*

બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓના સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના વલણો અંગે મેળવેલા પ્રાપ્તાંકોનું જાતિ આધારિત t – મૂલ્ય 1.07 છે. જે 0.05 કક્ષાએ સાર્થક નથી. આથી "વિસ્તારના સંદર્ભમાં બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓના સ્પર્ધાત્મક પરીક્ષા પ્રત્યેના વલણમાં સાર્થક તફાવત નહિ હોય" એ શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. આથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતા પ્રશિક્ષણાર્થીઓના સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના વલણો સમાન છે એમ કહી શકાય.

### *૯.૩ સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના બી. ઍડ્. ના પ્રશિક્ષણાર્થીઓના વલણ પર અભ્યાસની અસર*

બી. ઍડ્. ના પ્રશિક્ષણાર્થીઓના સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના વલણો અંગે મેળવેલા પ્રાપ્તાંકોનું અભ્યાસ આધારિત t-મૂલ્ય 0.45 છે. જે 0.05 કક્ષાએ સાર્થક નથી. આથી "અભ્યાસના સંદર્ભમાં બી.ઍડ્ના પ્રશિક્ષણાર્થીઓના સ્પર્ધાત્મક પરીક્ષા પ્રત્યેના વલણમાં સાર્થક તફાવત નહિ હોય" એ શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. આથી સ્નાતક અને અનુસ્નાતક સુધીનો અભ્યાસ કરનાર પ્રશિક્ષણાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષા અંગે સમાન વલણ ધરાવે છે એમ કહી શકાય.

## ૧૦. તારણો

સંશોધનના તારણો નીચે મુજબ છે.

1. સ્પર્ધાત્મક પરીક્ષા અંગે બી. ઍડ્.ના છોકરાઓ અને છોકરીઓ સમાન વલણ ધરાવે છે.
2. સ્પર્ધાત્મક પરીક્ષા અંગે બી. ઍડ્.ના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતા પ્રશિક્ષણાર્થીઓ સમાન વલણ ધરાવે છે.
3. સ્પર્ધાત્મક પરીક્ષા અંગે બી. ઍડ્.ના સ્નાતક અને અનુસ્નાતક સુધી અભ્યાસ કરેલ પ્રશિક્ષણાર્થીઓ સમાન વલણ ધરાવે છે.

## ૧૧. ઉપસંહાર

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય ઉદ્દેશ બી. ઍડ્.ના પ્રશિક્ષણાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષા અંગે કેવું વલણ ધરાવે છે તે જાણવાનો હતો. આ માટે માહિતીનું એકત્રીકરણ અને પૃથક્કરણ જુદા જુદા ચલોના સંદર્ભમાં કરતા પ્રશિક્ષણાર્થીઓમાં હકારાત્મક વલણો જોવા મળ્યા છે. તેથી સ્પર્ધાત્મક પરીક્ષા આવકાર્ય છે.

## સંદર્ભ સૂચિ

1. પટેલ, આર. એસ. (2009). શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ, જય પ્રકાશન: અમદાવાદ.
2. ઉચાટ, ડી.એ. (2009 ). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, રાજકોટ.
3. શાહ, દિપીકા ભદ્રેશ.(2004). શૈક્ષણિક સંશોધન,યુનિવસિટી, અમદાવાદ.
4. Best, John W. and Khan, James V.(1989). Research in Education. (Sixth Edition). New Delhi :Prentice Hall of India Private Limited.
5. Walter,R. Brog and Gall M.D.(1983). Educational Research : An Introduction. New York : Longman's Green Co. Ltd.